# મીક્ષ્ડ સપ્લાયની સાદી સમજ-

- કલમ-૨(૭૪) હેઠળ આપવામાં આવેલ વ્યાખ્યા મુજબ જયારે બે કે તેથી વધુ માલ કે સેવા કે તેના મિશ્રણોના વ્યકિતગત સપ્લાય એકબીજાના સંયોજનમાં કરવામાં આવ્યા હોય જે કોમ્પોઝીટ સપ્લાય ન હોય અને તેના માટે એકજ કિંમત વસુલ કરવામાં આવી હોય તો તે મિક્ષ્ડ સપ્લાય ગણાય.

મિક્ષ્ડ સપ્લાયના કિસ્સામાં જુદી જુદી ચીજવસ્તુઓ કે સેવાઓની ભેગી કે એક કિંમત વસુલ કરવામાં આવે છે. તેમાં કોમ્પોઝીટ સપ્લાયનો સમાવેશ થતો નથી. જો કેટલીક વેરાપાત્ર ચીજો અલગથી પણ પુરી પાડી શકાતી હોય,પરંતુ ભેગી પુરી પાડવામાં આવે ત્યારે તેને મીક્ષ્ડ સપ્લાય ગણાય.

દા.ત.ગીફટ હેમ્પરમાં બીસ્કીટ,ચોકલેટ અને મીઠાઇ એકસાથે વેચવામાં આવે છે તો જે ચીજ ઉપરનો વધુ વેરાનો દર હશે તે ગીફટ હેમ્પર ઉપર લાગશે. આ મતલબની જોગવાઇ કલમ-૮માં કરવામાં આવેલ છે.